# બાબા મુક્તાનંદ દ્વારા આપવામાં આવેલી શિખામણો

## બાબા મુક્તાનંદની મહાસમાધિ ૨૦૧૮ના સન્માનમાં

## તેમની એક શિખામણ

શિખામણ : ૫

હું ધ્યાન ઘણી ઉત્સુકતા, નિષ્ઠા અને પ્રીતિપૂર્વક કરતો હતો, કોઈ ભયને વશ થઈને નહીં. કોઈને પ્રસન્ન કરવા કે કોઈ પાસેથી કશો લાભ પ્રાપ્ત કરવા માટે અથવા કોઈ કામના અથવા વાસના કે વિષયવૃત્તિની પૂર્તિ માટે ધ્યાન કરતો ન હતો. હું કોઈ શારીરિક કે માનસિક રોગ દૂર કરવા માટે પણ ધ્યાન કરતો ન હતો, કોઈ ચમત્કારિક સિદ્ધિઓ મેળવીને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા પણ ચાહતો ન હતો. ધ્યાન કરવા માટે કોઈનો આગ્રહ પણ ન હતો. હું એટલા માટે પણ ધ્યાન કરતો ન હતો કે ધર્મ કહે છે – 'ધ્યાન કરવું સારું છે.' હું તો માત્ર ભગવત્પ્રેમ માટે, ભગવતી ચિતિશક્તિના આકર્ષણથી મોહિત થઈને, સ્વસ્વરૂપના અનુસંધાન માટે, ધ્યાન કરતો હતો.

~ બાબા મુક્તાનંદ

---

૧ સ્વામી મુક્તાનંદ, ચિત્શક્તિ વિલાસ, (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩) પૃ. ૧૪૮

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.